શ્રી નર્મદાજીનો ગરબો.

રેલનો કોપ.

બનાવનાર.

ઉપા૦ બાપુજી દયાશંકર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

बुकसेलर. वालाभाइ नगीनदास.

અમદાવાદ.

દીલ્હી દરવાજે માણાવાડાની પાળ સામે હાજી
બાઈ રહીમબાઈનાં મકાન મધ્યે વીશ્વેશ્વર
છાપખાનામાં છાપ્યો

સંવત ૧૯૪૮—સને ૧૮૯૨

કીમત ૦-૪-૦

ગ્રંન્થાર્પણ પત્રીકા.

सदा राज्यमान राजश्री स्वराज्य

महेरवान साहेब.

પાઠક. સદાસીવ લાભશંકર પ્રતિ.

मनहर छंद.

જગતમાં જય જય, ગ્રહથી સદાય થાય;
સુખ દુઃખ ભય ક્ષેમ, હાની કલેશ થાય છે;
અન્ન જળ રસ ફળ, ફુલને સુબીજ થાય,
વીજ વરસાદ તાપ. ઠંડક ગણાય છે,
રવિ આદિ ગ્રહો તણા, મંડળ વિકાસી આશી!
હવાતણા ફેરફાર, ભુવિ તળે જાય છે;
અગાધ ઇશ્વર તણા, ચિત્રને વિચિત્ર કરી,
હર્ષથી હું સદા અને અર્પું જે શોભાય છે.

લી. આપનો આજ્ઞાંકીત.

બાલાભાઈ નગીનદાસ.

શ્રી નર્મદાજીનો ગરબો.

રેલનો કોપ.

છપ્પો.

શ્રી દુંદાલો દેવ, સેવા કરૂં શુભ રીત્યે;
પ્રથમ નમુ તુજ પાય, શાહે કરો પુરણ પ્રીત્યે.
શ્રી સરસ્વતી આપો વાંણ, જાંણુ જગતમાં થાએ;
નમુ તમારે ચરણ, શરણ રાખો મુજ.
વ્યાપક છો આ વીશ્વમાં, અગમ નીગમ તારી ગતી;
રૂડુ રહાને રીઝવું, સાહે કરો મા સરસ્વતી.

રાગ ગરબો.

શ્રી સંકરસુતને લાગુ પાય કે, સાંભલ સરસ્વતીરે લોલ;
વેગે વાંણી આપો માત, કરો મન રૂડી મતીરે લોલ.
સંવત ઈઠોતેરની શાલ કે, સાંભળ કહુ કથારે લોલ;
ચઊદસ વદ ભાદરવો માસ કે, પીત્રી દીન હતારે લોલ.
નીરમલ નર્મદા રૂડુ નામ કે, આપ વીચારીયુરે લોલ;
પ્રગટુ દુનીયા કેરૂં પાપ કે, જઇ પ્રલે કરૂંરે લોલ.
હેવું આપ વીચારૂં મન કે, ત્યાંથી નીસરારે લોલ;
ચાલી માહેશ્વરના લોકકે, તેહમાં જઇ ભળારે લોલ.

વીંધ્યાચલ પરવત પાહાડ, દીસે તોટો રંગમાંરે લોલ;
આવાં શુલપાંણીને ચરણ કે, નીરમળ નરમદારે લોલ.
માંનુ મહેશ્વરનું કેણ કે, પ્રીત્યે પાછાં વલાંરે લોલ;
આવાં પાછાં પોતાને અવાશ કે, મુકી આંમલોરે લોલ.
હવે કૌતીક થયુ એક કે, સરવે સાંભલોરે લોલ;
આવો યવન આણે દેશ, માતાજીને કાંઠડેરે લોલ.
ચોડા જુડા ગામે ગાંમ કે, ભાવે પાંણી ભરૂરે લોલ;
આએ મનમાં આણી રીસકે, તે પર કોપીઆંરે લોલ.
એશું જાણુ રેયવંન કે, પોતે કોપીઆંરે લોલ;
એમ કરી કરૂં જુગતપર જોર, નીશાંના લોપીઆંરે લોલ.
નદીઓ સરવેનું વરણન, સભા સહુ સાંભળોરે લોલ;
સરવે નદીઓનું ધરીયુ ધ્યાન કે, મનમાં એક ઘડીરે લોલ.
હવે તેહનો કહું વીસ્તાર કે, મુજપર દયા કરીરે લોલ;
ઉમીઆંદેવી કેરો દાસ કે, કીંકર જાંણુવોરે લોલ.

છપ્પો.

શ્રી સંકર સરખા ભુપ રહે સકતીને સરણે,
રૂશી અઠાસી શસ્ત્ર નમે નીત્યે મા ચરણે;
નવસે નવાણું લેહેર ઘેર દરશનને આવે,
તેત્રીસ ક્રોડ કરજોડ મુગતાફલે વધાવે.
હવો મહીમા શ્રી માતનો, દાસ ઉમયોએમ ઓચરે;
શીવ પુત્રીના સમરણ થકી. લખ ચોરાશી ફેરો ટળે,

રાગ મરહો.

આગુ નવસે નવાંણુ લાગુ કેહેવાયરે,
હુમને હાંસ આપોની કહુ રેહેવારે;
કહુ આગના હુમારી પાલોરે,
પેહેલા જીવનને હાંથકા કાડોરે.
પેલી પાળની નદીઓને તેડાવોરે,
સંભાલતામે તે સહુ આવુંરે;
ઉઝઓરણને ઓાર ધણી આવીરે,
તેતો સરવે નદીઓને તેડી લાવીરે.
અડોતરમે જાંણુ મહીમા તેર,
વીસ્વામીત્રીને તેડી લાવ્યાં સાથેરે;
આવ્યાં ગોકુળથી જમુનાં ધાકરે,
વાટે મળ્યાં છે ખીપ્રા ખાપ્રરે.
તેણે સાથ સંધાત તેડી કીધોરે,
બીજી નદીઓ આવીને કારજ શીધારે;
સુરત પ્રગણેથી આવ્યાં તાપીરે;
તેને કાડવો છે અંગરેજી પાપીરે,
વાટે આવતાં રત્નાવલી દીઠીરે,
સાથે આવ્યાં છે તું મા મીઠીરે
ઠાકર જંગમુવોને રંઆવરાણીરે,
તેનુ આકાશ ઉછલુ પાણીરે.
સરવ મંડલ તંતરમલુ ટોલેરે,
દેહાને વાત આવી બોલેરે,

થયુ નવશેહે નવાણું એક રાશેરે,
સહુ આવી ઉભા નરમદા પાસેરે.
તેત્રીશક્રોડ આવા જલ વેશથીરે,
ગંગા ભાગી આવાં પુરવદેશથીરે;
આવાં સરસ્વતી રેવંતીને ગોમતીરે,
રેવા રૂપે આવાં ચોસઠ જોગણીરે.
નીરમલ નરમદાની આગન્યાં જાંણીરે,
હવે આકાશ ઉછલુ પાંણીરે;
હુંજી વરાને કંપ થયો શેસરે,
જલ રેડતા આવા તે બાર મેઘરે;
કે વીસ્તાર કરતાં તે લાગે વારરે.
કહુ સરવે નદીયોનાં વરણાંમરે.
હાક વૈકુંઠમેં માની વાગીરે,
ચંદ્રમાને સુરજી ઉઠી જાગીરે;
બ્રમા વીશનુ રૂડે જાણી વાતરે,
નીરખે કોપીઆ નરમદા માતરે.
ચાલો પ્રથવી ઉપર જોવા જઇયેરે,
સાચી દેવીનાં દરસન કરીએરે.
ત્રણ દેવ આવા પુરણ પ્રીતથીરે,
વધાવી રૂડુ દેહાને રૂડી રીતથીરે;
સમુદ્ર દેવી જઈ મલજોરે,
દીવસ પંચમે તે પાછાં વલજોરે.
સરવે નદીયો તે સાવધાંન થઇઆરે,

માહેશ્વરી નગરીમાં ગઈઆરે;
તે ગાંમના રાજાને તાંણ્યોરે,
તેને ભાડ ભુતેશ્વર આંણ્યોરે,
હાંકૂ મોગરાની જાયગા જોઈએરે.
મન માતનું રહ્યું છે મોહીરે;
પુન્ય પ્રાક્રમ પ્રગટ્યુ દેવીરે,
મન સગને વાત થૈ કેવીરે,
આહીતેશ્વરને શુલપાંણીરે.
તેની દયા દેવીએ જાંણીરે,
મોખડીને ગોરાને બેને તાંણીરે;
ગોઇડેશ્વરનો તે કોટ નાંખ્યો તોડીરે.
હે રાય તુમડીએ ધાક માની વાગીરે,
તલકવાડુ તે નાંખ્યું તોડીરે;
જોઈમાં ધરેલની આંખલી ખોડીરે,
મોટામાં ધરેલએ પેઠુ પાંણીરે;
લોકે ખાટલા બાંધ્યાં તે ઝાડ તાંણીરે,
જન ઝાહાડે ચડીને ઠરીયુંરે;
એણી રીતે તે પાંણી ફરીયુંરે,
બીજાં નાંના મોટાં જે ગામમાંરે;
તે સર્વેનાં ફેડાં ઠાંમરે,
હેનુ કેતાએ જાયોર જોયુરે,
તેહેનુ ઢોરને ઢાંક સરવ ખોયુરે,
કુભનાથનુ તે દરશન કરીયુરે.

પાંજી પાઘ્રુ પથે પરવરીયુરે,
પાપ કંન્યાલીનુ પ્રગટ થયુરે;
ઘરેઘર તણાઈને ગયુરે,
કુવેર હવને વેરા આ રીતેરે;
પાંજી પાઘ્રુ વઝ્યું તે પુરણુ પ્રીતેરે.
માંડવાને તે મારગ વળીયુરે,
સે સાઈજીનુ દરસન કરીયુરે;
ચંદ્રુવતીનો ચોક અડધો જોઓરે,
સરવે વેપારીનાં દાંણા દુણી ખોયોરે.
દાશ ઉમયો વીવેકથી કેછરે,
પાંજી પુરણુ જોરમાં વેછરે.

છપ્પો.

શ્રી સંકરીને પ્રતાપ વાસ અસ્ટાદસ કેછ,
શ્રી શંકરીને પ્રતાપ સેશ પાતાલે રેહે છે;
શ્રી સંકરીને પ્રતાપ જામ કોઈ જાએ નહી.
શ્રી સંકરીને પ્રતાપ વાસ કૈલાશ રેછે,
શ્રી સંકરીના પ્રતાપથી અચલ સુખી આપે ખરી;
કરજોડી કહ્યું માવડી આશાપુર ઉમયા તણી.

દુહો.

આશા ઉમયાને તમ તણી, ગુનો સહુ કરજે માફ;
કરજોડીને કરગઢુ, જો અચલ સુખી આપ.

રાગગરબો.

ત્યાંહાંથી તે પાંણી પરવર્યુરે, પોઈછામાં પેઠું.
નજરીયુ નખ જેટલુરે, જટ ઝડફીને લીધુ.
નર બાકુડા સાંમુ ભાળીયુરે, નરનારાયણ દીઠા.
નારાયણની મરજાદાથી પાંણી પાછુરે વળીયુ.
માંલેથામે મળપતુરે, પાંણી ચોફેર ચાલ્યું.
કરીઆપુરાને ઝાંપેથીરે, પાંણી હાંસેટ પડીયુ.
વ્યાસજી પડીયા વેહણમાંરે, ઉરૂ દેવીએ રાખ્યુ.
શરમ પડી સુખદેવનીરે, રૂડા રૂઠને રાખ્યુ.
ઠર ગંગા કરજણછેરે, આવી માતાને મળવા.
ખોરી બધી ખરકાલનેરે; ચાલી ઝાંઝડ જોવા.
પાટણ પાંણી મેડાટોયુરે, ધાંસ આંચીથી કીધી.
વરખડની ભેખળુ આથડીરે, આલી આંચીથી લીધી.
જીનકેશ્વરને જોઈનેરે, મન મથેશ્વર પેઠું.
સનશો આ અંબાલીનેરે, આનંદમે રાખુ.
મણી નાગેશ્વરને જોઈનેરે, પાંણી પાંશરૂ ચાલ્યુ.
સોભાગ સુંદરીના સાહેથીરે, કણ જોયુરે રાખુ.
ભાંડારેશ્વરને ભોલવીરે, માએ મંડપ જોયો.
ખુસા ફુલીઆનો ખાદલોરે, આપે ઓવારો ખોયો.
સીશાદરામે સંચરયાંરે, પાંણી પાછળથી આવ્યા.
કન્યાપુર સાંમુ ભાળીયુરે, સાંમાં દીઠા દુંદાળા.
ઉમયાના પુત્રને નીરખીનેરે, દેવીએ દીધો ટાઉેા.

રહીઆ ખાડી આવી આચીથીરે, કાંજ રોજને ખોદુ.
સ્વાંમી કારતી કને જોઇનેરે, બ્રાંમેશ્વર મલીયાં.
રાજાપરૂને નાવરૂરે, ઝટ ઝડપીને લીધુ;
અંગારેશ્વર આનંદમાંરે, ડેરૂ દેવીએ રાખ્યુ.
માલશાર માંણી મલ્લપતુરે, પાંણી ચોફેર ચાલ્યુ;
અસામે જઇને આથડુરે, દુખ લોકોને દીધુ.
પરનો તે જાણી પીરનોરે, માએ સાંમુરે ભાલ્યુ:
રેવા મારણુમાં જુજતીરે, ચાલે આનંદ કરતી.
ધાંણુ થાની પાવરીરે, વાટ વેગેરે ઝાલી;
દુખ દીધુ દેશાઇનેરે તેનો અંતજ આણ્યુ.
પાપીનાં ઘર પ્રલે કરાંરે, તે તો નાખ્યાં છે ખોદી:
રાખ્યુ રણાપોર કોઠીઉરે: દેરોલીરે રાખી.
હીરજીપરૂને ભુતીઉરે, ફતેપોરમાં ચાલી;
કાંણીરા કાંણેસ્વર તણારે; મોકલેથી મલીઆં.
ઇંદોરને અકલાવીસુરે, વાશણામે વલીઆ;
ધુમ પડી લીસોડમાંરે, દેવીએ દીધી ધમકી.
વસતી બધી વેલુ ગામનીરે, તે તો રહી છેરે ચમકી.
ભાવટ ભાગણુ ભાગીઉરે, હાંઅર ખોદીને નાખ્યુ
આવું પાંણી પડ સાંસરૂરે, આલમપરૂરે ઝાલ્યુ.
સાગરનાથને શોધીનેરે, તાંથી વેગલા નાખ્યા;
લીલાપરાના લોકેનેરે, આદીતેશ્વરે રાખ્યા.
કાકલપોર વર વાંણાનીરે, વાત વેગે ઝાલી;
કદમપુરીને જોઇને, માતા વેગ ચાલી.

બીજાં ગામાં મુકાં જુલતાંરે, દયા દેવીએ કીધી;
કુતનપુર કુવેરનીરે, અડધી આંટવી લીધી.
બાલ થઈ ભંડારીનેરે, આપે ઉગારી લીધી.

છપ્પો.

આદીતેશ્વર છે અરણ્ શરણુ શકતી જાઈ મલીઆં;
મૈશાગરને માથે જઈ, બ્રમેશ્વરનાં ભલીઆં.
જલની ધીર જલ દેવ, કર કહુાડે બહુ હુડીઓ.
કીધો બારે વાટ, ધાટ બાંચીનો ઘડીઓ.
ધર રાખુ ધાયલ તણુ, પડવાડે અડકાં જઈ.
દયા આંણી હાલી પેર, પોતે આપ નીકલાં વહી.
નાંની કોરલગાં નીર, ઝાલી ઝાંપાની વાટ.
પીવે પસે ઓવારે ફાટાં, ભાવ બ્રામણની આશરો.
કશર કશી નહી ખાકી, શાંચરાં શેરી માંહે.
લાજ લોકોની રાખી, આસાપુરી સામાં આવીને.
પવીત્ર કીધો વી આશરે, સાંમુ ભાલુ ભગતનીઆ.
લખો ઉમયાદાશને. 1
શ્રી નીરમલ નઅરમદા માત, આપ ચકોટામાં આસે
શીવ પુરી કરવા શાહ, માત નગરી હેની હાલે.
અડધુ નગર અનુપ, શરૂપ શગતીએ જોયુ.
દીઠો તાં દરબાર, આ શંત મંન માતાનુ મોહુ.
શાંમી હશી દીઠી શરવની, ધન ધન હાક મંગાઅના.
ભકતી કરજો માહરી. નવખંડમાં થાશે નામના.

રાગ ગરબો.

આશાપુરીને આગરે, કુબેરે કીધી શાદ્દે.
પાંણી તે પાખુ પરવરયુ, ત્યાંથી આગલ જાએ.
રૂડી રેવાએ વીચારીયુરે, આતો ગુપ્ત કાશી.
રખે લેરેલુ એહુને, ચાલો પંથને રાશો.
આસાપુરી સાંમાં આવીનરે, માએ દરશન દીધુ.
ઓલખો ઉમયા દાશને, આપે ઊગારી લીધો.
સાંમલસા શેઠના પુન્યથી, ભંડારીએ સાંભુરે ભાળુ.
ત્રીશુલ જાલી હાથમાંરે, પાંણી પાછુરે વાળ્યુ.
આગલ જાતાં જાંનવીરે, સાંમ બાહરે મલીયાં.
પુજા તે કીધી પ્રીતથી, પાછાં પંથે પલીયાં.
અંબીકુ રૂઠને ઝાલીયુરે, દેવી આવાંછે આપ.
ભાલોદ શાંમુ ભાલીયુરે, દીઠુ પુરણ પાપ.
છાપીઓ ઓવારો છલીનેરે, ચાલાં આગલ આપ.
રામેશ્વરનુ રીજમેરે, માએ દીરશન કીધુ.
આહો માહે ભાટ વડાઈ સુવા, અન્નુ માગીને લીધુ.
લાકડાં લોકાંને વેધીનેરે, પાંણી ખાંણામે પેઠુ.
કરમે કોઠીઓ ફાટીઓરે, ધરા ગેરડી બેઠાં.
અડધું ગાંમ ગનીમનુરે, રૂડુ દેહ્યાએ રાખ્યુ.
રાજાનો ભાગ ભાગી પડયોરે, થાંણુ ખોદીને નાંખ્યુ.
ટાઠીદરાની પારમાંરે, દેવી પાંશરાં ચાલ્યાં.
ભોરી તરૂત રસાલી તોડીઆંરે, તેની વંશજ કાપી.
આર ઉપેડી નાંખીયાંરે,

પોરામે વેણી પરવસ્યુરે, એતી સારીજ દીઠો;
કારમી કાકરી ફરી વલીરે, સઅલી ભાંય મુતી.
જાણો એમે મા જાઈ ચડાંરે, માતા મનમેરે હરખ્યાં;
ચડિટાં ચોકને શેરીઆરે, માએ પ્રીતે નરખ્યાં.
ધરમશાળાને ધોઇનેરે અંઆરેશ્વર લીધુ;
નીક વરાને નરખીયુરે મંગળેસર બીધુ,
કબીરવડના બેટમાંરે માએ રણ મચાવુ;
શુકલ તીરથમાં જઇ ચડાંરે, માતા મન વીચારૂ,
આતો પુરી હુમકારની, તેહુને કમ ઉપાડુ;
વરી વીમાસે મનમાંરે, આતો જીવનનું ઓમ.
ટેરૂ રાખુ હુમકારનુરે બાકી ફેડુ ઠાંમ.
રાંણી રૂપારેલ આવીઆરે, સાથે બુડવો ભોગી
પોરા પ્રાંકડ વધેરીઆંરે, સહુનેકીધાં બેગી.
લાડુ વાવડને લુટીનેરે જીઘડીઆમાં આવું;
ગુવાલી ગાંમને ગાંદરેરે, માએ રાણુ મચાયુ.
બીડાને ભાવે ભાંગીનેરે, તવરા નાખ્યાં છે ખોદી;
જાડેશ્વરને જાપટુરે, તેની ખોડજ માંડી.
દશા સમેધના પુન્યથીરે, માએ દરશન કરીઆં;
પેહેલા પરામે પરવસ્યારે, શેહેરમાંઅ સાંચરીઆં.
ભાંગા ભરૂચના કાંગરારે મન માતનુ મોહ્યું;
દુશ્ટના દરબાર તોડીઆરે, તેનુ સરવસ્ત ખોયું.
નીરમલ નરમદા નીરખતાંરે, રૂડી ચડિટાની વાડ;
બંદીવાંન છોડાવીનેરે, ચાલ્યા આગળ આપ.

ગુજરીના ઘાટમાં આવીનેરે. માએ કોપજ કીધો.
કનક પોરના કોટને માએ તોડીને લીધો;
કુરજા ઉપર આવીનેરે, માએ ચોદશ ભાલુ.
વસ કરૂ વડવાહનનેરે, ગાંમ કાંસીઉ ઝાલુ;
આપે હુકુહન મોનાંઉરે, ખોદુ બોરીઊ નાડ.
મહેર કરી મેહુગાંમમાંરે, દીવા ભેગચ્યાં દેવી:
ધન્ય જીવું છે તેહનુંરે, જેણે નરમદા શેવી.
ભાંડ ભુતને ભડકાવીઊંરે,જટ લીધુંરે જાલી;
દરશન કરવાદેવનુંરે, ત્રીપુરા તાંહાં ચાલી.
કાલંદ્રીને કાંઠડેરે, ભર દરીઆમે ભલીઆં;
વેગલી મેલી વેગણીરે, સુવામાંય સાંચરીઆં.
લાજ રાખી લોહેશ્વર તણીરે, ફરી શરમનાં ફાવા;
પડવે તે પેલા પોરમાં, સારકરી જાહ સમાવ્યા.
દરીઆને કાંઠડેરે, દેવીએ મુકો મનનોકાલ;
જીવન જો ચાંડાલરે, તેને ચાંપો પાતાલ.
બીજે તે બધા સાથની, સંભાલણા કીધી;
અમર કંટક ભણી આવવારે, પ્રશ્ટ દેવીએ કીધી:
જોરે જોર કનો જીવનનેરે, જીતાં જીનવી માતા;
પાછાંને વલીઆં પલકમાંરે, નવસે નવાંણુ સાથ,
વ્રત નાંનાંને નારીઓરે, સાંભળશેને ગાશે;
ઉમયો કહે અંત દમેરે, તેતો કઈલાશ જાશે.

છપ્પો.

શ્રી શંકરીનો મહીમા સર્વ જુગતમે જાંણ્યો,
નાંનુ મોટુ જંન મંન માતાને વખાણો;
પ્રેમ કરે પવીત્ર અવીચલપદમી આપે,
દરસન કરતાં દુખ કસ્ટ કાયાનુ કાપે.
નીરમલ રૂડી નરમદા, જે જાંણુ દેવીને માંનવી;
દાસના દાશ એમ કહે, મેહે જાચો દેવી જાંનવી;

દુહો.

પાછાંરે વલીયાં પલકમાં, શ્રીનીરમલ નરમદા માત;
અમર કંટકમે આવીઆં, કીધો જસ વીક્ષાત.

સમપુરણ શીહોરના ઉપા૦ બાપુ દઆસંકર આપનો નાટક પરત પ્રમાણે ઉતાર્યુ છે શવંત. ૧૨૪૮-

---

સમાપ્ત.